### ધાર્મિક કાર્યક્રમો દ્વારા બાપાનો જન્મદિવસ ઉજવાયો

# ડભોઈમાં ભકિતભાવ પુર્વક જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી

(પ્રતિનિધિ) ડભોઈ,તા.૨૭

ડભોઈનગરમાં પરમ રામભકત અને વિરપુરના સંત એવા પુ.જલારામ બાપાની જન્મજયંતિની ભારે શ્રધ્ધા અને ભકિતભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી.


નગરમાં આવેલા જલારામ બાપાના મંદિરોને ધજાપતાકા અને લાઈટ ડેકોરેશન વડે શણગારવામાં આવ્યા હતાં. સવારથી મોડીરાત્રી સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. દર્શન માટે આખો દિવસ ભકતોથી ભારે ભીડ જામી હતી. સાથો સાથ જલારામ ભકતો દ્વારા ભિક્ષુકોને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

સમગ્ર જીલ્લામાં દર્ભાવતી નગરીઉત્સવની અનોખી રીતે ઉજવણી કરવા માટે પ્રખ્યાત છે. આજરોજ જલારામ જયંતિની ઉજવણી નગરમાં આવેલ એસ.ટી.ડેપોથી રેલવે જવાના માર્ગે આવેલ જલારામ મંદિરમાં વહેલી સવારથી ભજન-કીર્તન ભકતજનો દ્વારા શરૂ કરી દેવામાંઆવ્યાં હતા. મંદિરને લાઈટ ડેકોરેશન વડે શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારથી જલારામ બાપાની ભકતો દર્શન કાજે ઉમટી પડયા હતાં. જલારામ બાપાની પ્રતિમાને પુજારીઓ દ્વારા શોળે શણગારથી સજાવવામાં આવ્યા હતા. દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમોમાં હજારોની સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતાં. આરતીના સમયે દુર દુરથી ભકતજનો આ લ્હાવો લેવા ઉમટી પડયા હતાં. દર્શનાર્થે આવેલ જલારામ ભકતોએ મહાપ્રસાદી મંદિરના પટાંગણમાં લીધી હતી. સવારના ૯.૦૦ કલાકે ભકતજનો દ્વારા પાદુકા પુજન કરવામાં આવ્યું હતું. આ સમયે મહિલાઓએ ભજનના રંગે રંગાઈને ભકિતમય થઈ ભજનોમાં રંગત લાવી દીધી હતી.

આખા દિવસના તમામ ધાર્મિક કાર્યક્રમો બાદ સાંજના ૭.૩૦ કલાકે મહાઆરતી કરવામાં આવી હતી. આ સમયે જલારામ મંદિરે સેકડોની સંખ્યામાં જલારામ ભક્તો ઉમટી પડયા હતાં. જેથી દર્શનાર્થે લાંબી કતારો મંડાઈ હતી. એસટી ડેપોથી રેલવે જવાના માર્ગે મેળા જેવું વાતાવરણ જોવા મળ્યું હતું. ભજન તથા સત્સંગના કાર્યક્રમ સાથે જલારામ જયંતિની ઉજવણી પૂર્ણ કરવામાં આવી હતી. આમ ઉત્સવપ્રિય દર્ભાવતી નગરીમાં આજરોજ જલારામ જયંતિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

નગરમાં આવેલ હિરાભાગોળ બહાર અને એસટી ડેપો પાસે આવેલ બન્ને મંદિરોમાં ઉત્સાહ પુર્વક જલારામ જયંતિની ભકતજનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. રાત્રે ૯.૦૦ કલાકે રાખેલ ભજનના કાર્યક્રમમાં શ્રધ્ધાળુઓનો મહાસાગર ઉમટયો હતો. દર્ભાવતી નગરીમાં આજરોજ જલારામ જયંતિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.



ડભોઈનગરમાં જલારામ બાપાની જન્મજયંતિ ભારે શ્રધ્ધા અને ભકિતભાવ પુર્વક ઉજવવામાં આવી હતી. એસટી ડેપોથી સ્ટેશન રોડ જવાના માર્ગે પર આવેલ મંદિરમાં સંત શિરોમણી પ.પૂ.શ્રી જલારામ બાપાના દર્શન થાય છે. બીજી તસ્વીરમાં પ.પૂ.શ્રી જલારામ બાપાના દર્શનાર્થે ઉમટી પડેલ ભાવિક ભકતજનો નજરે પડે છે. (તસ્વીર : બાલકૃષ્ણ શાહ,ડભોઈ)

# બોડેલી નગરમાં લોહાણા સમાજ દ્વારા પૂજય જલારામ બાપાની ૨૧૮મી જન્મજયંતિની ઉજવણી કરાઇ




બોડેલી,તા.૨૭

ધર્મ અને ઉત્સવપ્રિય બોડેલી નગરમાં આજે વીરપુરના સંતશિરોમણી, રઘુવંશી સમાજનાં ગૌરવસમા પ્રાતઃ સ્મરણિયલ એવા પૂજય શ્રી જલારામ બાપાની ૨૧૮મી જન્મજયંતિની ઉજવણી પ્રતિવર્ષની જેમ આ વર્ષ પણ બોડેલીનગર તેમજ વિસ્તારમાં વસતા સમસ્ત લોહાણા સમાજ દ્વારા ખુબજ ભકિતભાવપુર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી ત્યારે પ્રભાતફેરી છપ્પનભોગ, પૂ.બાપાની ભવ્ય શોભાયાત્રા, સમૂહ આરતી અને સાંજે મહાપ્રસાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૪ નવેમ્બર ૧૭૯૯માં રાજકોટ જિલ્લાનાં વીરપુર ગામે માતા રાજબાઈ અને પિતા પ્રધાન ઠાકરનાં ઘરે જન્મેલા તેમજ ''જનસેવા એજ પ્રભુ સેવા''ના મુખ્ય મંત્રને પોતાના જીવનમાં ચરિતાર્થ કરનાર એવા પ્રાંતઃ સ્મરણીય સંતશિરોમણી પૂજય શ્રી જલારામ બાપાની આજે ૨૧૮મી જન્મજયંતિની ઉજવણી છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગર સહિત આસપાસના સમસ્ત લોહાણા સમાજ દ્વારા પ્રતિ વર્ષની જેમ જ કરવામાં આવી હતી.

આજે સવારે ૫.૩૦ કલાકે બોડેલીમાં રામજીમંદિરથી પ્રભાતફેરી નીકળી બોડેલી-અલીપુરામાં ફરી પૂજય બાપાનાં ગુણગાન ગાતા ફરી સવારથી જ સમગ્ર વાતાવરણને જલારામમય બનાવી દીધું હતું. ત્યારબાદ ૧૧.૩૦ કલાકે અલીપુરા હાલોલ રોડ ઉપર આવેલ પૂજય જલારામ બાપાના મંદિરે છપ્પનભોગનાં દર્શન કરાવાયા હતા. બપોરના ૩.૦૦ કલાકે રામજીમંદિરથી પૂજયશ્રી જલારામ બાપાના ચિત્રજીને ઘોડાબગીમાં પધરાવી બેન્ડવાજા અને આતશબાજી સાથે ભવ્ય શોભયાત્રા નીકળી હતી. બોડેલી-અલીપુરાના માર્ગો પર પૂજય જલારામ બાપાના હાલોલ રોડ સ્થિત મંદિર પહોંચી હતી. ત્યારે રસ્તામાં પૂજ્ય બાપાના ગુણગાન સાથે ગરબાની રમઝટ શોભાયાત્રામાં જોડાયેલા યુવાન-યુવતિઓ, આબાલ-વૃધ્ધોએ ગરબાની પણ રમઝાટ બોલાવી હતી. શોભાયાત્રા મંદિર પર પહોંચતા ત્યાં બાપાની સમુહ આરતી અને ત્યારબાદ મહાપ્રસાદનો લાભ પણ અગણિત જલાભકતોએ લઈ કૃતજ્ઞતા અનુભવી હતી.

# સાહિત્ય દિગ્ગજ પાનિશ્વરનાથ રેણુને ૫૧ વર્ષ પછી પડદા પર જીવંત કરાશે



બસુ ભટ્ટાચાર્યની તીસરી કસમ પછી પાનિશ્વરનાથ રેણુની કૃતિ પંચલૈત ૧૭મી નવેમ્બરે ભારતભરમાં મોટા પડદા પર આવી રહી છે. રેણુની હૃદસ્પર્શી વાર્તાઓએ હંમેશા ફિલ્મકારોમાં ઉત્સુકતા જગાવી છે. આમ છતાં છેલ્લા બસુ ભટ્ટાચાર્યની તીસરી કલમ રિલીઝ પછી આ વાર્તાઓ પડદા પાછળ જ રહી હતી. પંચલૈત કેરોસીનના દીવા (જે પેરાફિન અને હેન્ડ પંપનો ઉપયોગ કરે છે તે પ્રકાશ પાડવા માટે પંપ કરાય છે)ની વાર્તા છે. જે ગ્રામવાસીઓના જીવનનું અવિભાજપય અંગ છે. અને તે ધરાવવું સન્માનનું નિશાન છે. ફિલ્મ ચોકકસ ગ્રામીણ સમુદાય માહાતો તોલા અને ઘણી બધી મુશ્કેલીઓ અને ઘટનાક્રમ પછી પ્રાપ્ત કરતા પ્રતિષ્ઠિત પંચલૈત ફરતે વીટળાયેલી છે. વાતરેખા બહુસ્તરીય સામાજીક આંતરક્રિયા અને મુખ્ય પાત્રો વચ્ચે ફુલતાફાલતા રોમાન્સ પર ભાર આપે છે. ફિલ્મનું દિગ્દર્શન પ્રેમ મોદીએ કહયું છે, જે સમરેશ મઝુમદાર લિખિત બંગાળી ફીચર ફિલ્મ (૨૦૧૩) અર્જુન પછી તેમનું બીજુ દિગ્દર્શન સાહસ છે. ફિલ્મમાં સવ્યસાચી ચક્રવર્તી, દીપાંકર ડે. મનોજ મિત્રા, ચુર્ની ગાંગુલી વગેરે છે. મોદીએ અપર્ણા અસેન, તપનસિંહ, અંજુન દત્ત, ગુલ બહારસિંહ, શ્યામન અને જાલન, ઈન્દ્રનિલ ગોસ્વામી વગેરે સાથે કામ કર્યુ છે. પ્રેમ મોદીએ નસીરૂદ્દીન શાહ, ઈરફાન ખાન, અમરીશપુરી, કોંકણા સેન શર્મા, ચિતુપર્ણા સેનગુપ્તા, રજીત કપુર, વિકટર બેનરજી, કેકે મેનન, જિમી શેરગિલ અને સંધ્યા મૃદુલ જેવા અનુભવી કલાકારો સાથે કામ કર્યુ છે. ફિલ્મની રિલીઝ વિશે બોલતાં પ્રેમ મોદી કહે છે, મારુ આગામ સાહસ પાનિશ્વરનાથ રેણુની વારતાઓ જ હશે એવું મે હંમેશા ધ્યાનમાં રાખી મુક્યું હતું. તેમની વારતાઓની સાદગી અફલાતૂન છે. અને બંગાળમાં મારો ઉછેર થયો હોવાથી મે સાહિત્ય પ્રત્યે મારો ઝુકાવ રહયો છે.

# મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હેલ્થ લાયસન્સ લેવા ફરજ પાડવામાં આવી

અમદાવાદ,તા.૨૭

ગુજરાત રાજયમાં મહાનગરપાલિકાઓની મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીપીએમસી કાયદા હેઠળ હેલ્થ લાયસન્સ લેવામાં આવતુ હતું. વેપારીઓને, નાના હોટલ તેમજ રેસ્ટોરન્ટોને તેમજ નાના-મોટા વેપારીઓ અને ઉદ્યોગકારોને ફુડ સેફ્ટી એકટ હેઠળ લાયસન્સ ફરજીયાત લીધા બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હેલ્થ લાયસન્સ લેવા દબાણ કરાતું હતું.

ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ અંતર્ગત એકજ લાયસન્સ અનિવાર્ય અને જરૂરી છે. બાકીના તમામ સ્થાનિક લાયસન્સો લેવાપાત્ર નથી. આમ છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા હેલ્થ લાયસન્સ લેવા ફરજ પાડવામાં આવતી હતી. જીસીસીઆઈ અને અમદાવાદ હોટલ એસોસીએશન તેમજ ગુજરાત હોટલ ફેડરેશન દ્વારા સંયુકત રજુઆતો પાઠવવામાં આવી હતી તેના ફળસ્વરૂપે સરકારએ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક-૨૦૦૬ સેકશન ૯૭/૨ મુજબ સ્થાનિક કાયદા રદ કરવાની જોગવાઈ અન્વયે બીપીએમસી એકટની જોગવાઈ મુજબ ખાદ્યપદાર્થના ધંધાઓ માટે આપવામાં આવતાં હેલ્થ લાયસન્સની કલમ રદ કરેલ છે. આના દ્વારા ખાદ્યપદાર્થ સાથે સંકળાયેલા સમગ્ર નાના મોટા હોટલ રેસ્ટોરન્ટોના ધંધાર્થીઓ અને ઉદ્યોગકારો ઘણી મોટી રાહતની લાગણી અનુભવી રહયા છે.

સમગ્ર ગુજરાત રાજયના ખાદ્યપદાર્થને લગતા નાના-મોટા વેપાર-ઉદ્યોગકારોને આનો લાભ મળશે.


**એક્ષ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ લી.**

કંપની નોંધણી નં. : એલ૯૧૧૧૦જીજે૧૯૯૧પીએલસી૦૧૬૧૮૫
રજી. ઓફીસ : પ્લોટ ૪૩/૧, ગામ : નુરપુરા,પી.ઓ.બાસ્કા, તા. હાલોલ - ૩૮૯૩૫૦,
જી. પંચમહાલ, ગુજરાત ફોન નં.:(૦૨૬૭૬) ૨૪૭૯૦૦ ફેક્સ નં.:(૦૨૬૭૬) ૨૪૭૧૨૫
E-mail : info@axtelindia.com Website : www.axtelindia.com,

**નોટીસ**

આથી સુચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની બેઠક તા. ૬ઠ્ઠી નવેમ્બર ૨૦૧૭ સોમવારે મળશે. જેમાં સેબીના રેગ્યુલેશન ૨૯ અને ૪૭ મુજબ (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન, ૨૦૧૫ ની જોગવાઈ પ્રમાણે તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પુરા થયેલા ત્રીમાસિક અને અર્ધ વાર્ષિક માટે અન-ઓડીટેડ નાંણાકીય પરિણામો (ફાઈનાન્સીયલ રીઝલ્ટ) ધ્યાને લેવા તેમજ મંજુર કરવાની સાથે અધ્યક્ષશ્રીની મંજુરીથી અન્ય કોઈ બાબત હોય તે હાથ પર લેવામાં આવશે.
ઉપરોક્ત સૂચના કંપનીની વેબસાઈટ www.axtelindia.com ના ઈન્વેસ્ટર રીલેશન્સ વિભાગ જોઈ શકે છે અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ www.bseindia.com.પર જોઈ શકો છો.

એક્ષ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ લી. વતી
લી.
પ્રેરણા બોકીલ
કંપની સેક્રટરી

તા. ૨૭મી ઓક્ટોબર ૨૦૧૭
જગ્યા : ગામ : નુરપુરા



**MAXIMUS INTERNATIONAL LIMITED**

Regd. Off.: 301, Atlantis Heritage, Dr. Vikram Sarabhai Marg, Vadi-Wadi, Vadodara - 390003. Ph: 0265 - 2345321
Website: www.maximusinternational.in Email: info@maximusinternational.in
CIN: U51900GJ2015PLC085474

**NOTICE**

NOTICE is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (LODR) Regulations, 2015 a meeting of the Board Of Directors of the Company will be held on 8th November, 2017 at the Registered Office of the Company, inter-alia, to consider and approve the unaudited Financial Results for the Quarter/Half year ended 30.09.2017. The intimation is also available on the website of the Company at www.maximusinternational.in and website of the Stock Exchange where the shares of the company are listed at www.bseindia.com

By order of the Board
For : Maximus International Limited
sd/-
Dharati Shah
Company Secretary

Date: 27.10.2017
Place : Vadodara



**OPTIMUS FINANCE LIMITED**

(FORMERLY : TRANSPEK FINANCE LIMITED)
Regd. Off.: 301, Atlantis Heritage, Dr. Vikram Sarabhai Marg, Vadi-Wadi, Vadodara - 390003. Ph: 0265 - 2345321
Website: www.optimusfinance.in Email: optimusfinance@yahoo.com,
CIN: L65910GJ1991PLC015044

**NOTICE**

Notice is hereby given Pursuant to Reg-29 read with Reg-47 of the SEBI (LODR) Regulations, 2015, that a meeting of the Board of Directors of the Company will be held on **Wednesday, 8th November, 2017,** inter alia, to consider and approve the Unaudited Financial Results of the Company for the Quarter ended on 30th September, 2017

For further details, please visit www.optimusfinance.in website of the company or www.bseindia.com the website of the BSE

For : Optimus Finance Limited
sd/-
(Deepak Raval)
CS & Compliance Officer

Date: 27th October, 2017
Place : Vadodara



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

(Formerly : Styrolution ABS (India) Limited)
**Registered Office:** 6th Floor, ABS Towers, O. P. Road, Vadodara 390007
**Corporate Identity Number (CIN): L25200GJ1973PLC002436**
**Tel.:** +91 265 2303201, 2303202; **Fax:** +91 265 2303203
**Email:** secshare@styrolution.com | **Website:** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2017**

(Rs in Lacs except EPS)

| Sr No | Particulars | Quarter ended on Sep 30,2017 | Quarter ended on Jun 30, 2017 | Quarter ended on Sep 30, 2016 | Half Year ended on Sep 30,2017 | Half Year ended on Sep 30,2016 | For the year ended on Mar 31, 2017 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 48,261.71 | 50,451.49 | 44,023.58 | 98,713.20 | 86,671.48 | 166,918.41 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 2,555.87 | 433.70 | 2,951.77 | 2,989.57 | 5,224.82 | 10,029.59 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 2,555.87 | 433.70 | 2,951.77 | 2,989.57 | 5,224.82 | 10,029.59 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 1,697.48 | 274.10 | 1,919.73 | 1,971.58 | 3,417.53 | 6,927.98 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 1,686.33 | 262.96 | 1,902.92 | 1,949.29 | 3,383.91 | 6,883.40 |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | | | | | 56,946.26 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 9.65 | 1.56 | 10.92 | 11.21 | 19.43 | 39.40 |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on October 27, 2017. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter ended on September 30, 2017 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com/www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com.)

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : October 27, 2017



**PUBLIC NOTICE**

ICICI Bank

**ICICI Bank Limited**

CIN-L65190GJ1994PLC021012
**Registered Office:** ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara - 390 007. Phone:0265-6722286
**Corporate Office:** ICICI Bank Towers, Bandra-Kurla Complex, Bandra (East), Mumbai - 400 051.
**Ph:** 022-26538900, **Fax:** 022-26531230, **Email:** investor@icicibank.com
**Web site:** http://www.icicibank.com

**UNCONSOLIDATED FINANCIAL RESULTS**

(₹ in crore)

| Sr. No. | Particulars | Three months ended September 30, 2017 (Q2-2018) | Three months ended September 30, 2016 (Q2-2017) | Six months ended September 30, 2017 (H1-2018) | Six months ended September 30, 2016 (H1-2017) | Year March 31, 2017 (FY2017) |
|---|---|---|---|---|---|---|
| | | (Audited) | (Audited) | (Audited) | (Audited) | (Audited) |
| 1. | Total income from operations (net) | 18,763.29 | 22,759.08 | 35,610.33 | 39,518.59 | 73,660.76 |
| 2. | Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 2,483.57 | 3,553.38 | 5,058.14 | 6,253.59 | 11,278.61 |
| 3. | Exceptional items | .. | .. | .. | .. | .. |
| 4. | Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 2,483.57 | 3,553.38 | 5,058.14 | 6,253.59 | 11,278.61 |
| 5. | Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 2,058.19 | 3,102.27 | 4,107.19 | 5,334.62 | 9,801.09 |
| 6. | Total comprehensive income for the period [Comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] (refer note no. 1) | N.A. | N.A. | N.A. | N.A. | N.A. |
| 7. | Paid-up equity share capital (face value ₹2 each) (refer note no. 2) | 1,283.58 | 1,164.01 | 1,283.58 | 1,164.01 | 1,165.11 |
| 8. | Reserves excluding revaluation reserves (refer note no. 2) | 98,456.52 | 91,021.77 | 98,456.52 | 91,021.77 | 95,737.57 |
| 9. | Earnings per share (EPS): (refer note no. 2) | | | | | |
| | Basic EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in₹) | 3.21 | 4.85 | 6.41 | 8.34 | 15.31 |
| | Diluted EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in₹) | 3.18 | 4.83 | 6.34 | 8.31 | 15.25 |

Notes:

1. The new Indian Accounting Standards (Ind AS) are currently not applicable to banks in India.
2. The shareholders of the Bank approved the issue of bonus shares of ₹ 2 each in the proportion of 1:10, i.e. 1 (one) bonus equity share of ₹ 2 each for every 10 (ten) fully paid-up equity shares held (including shares underlying ADS), through postal ballot on June 12, 2017. Accordingly, the Bank issued 582,984,544 equity shares as bonus shares during Q1-2018. Further, the basic and diluted earnings per share have been restated for Q2-2017, H1-2017 and FY2017 as required by Accounting Standard (AS) 20 - Earnings per share.

Note: The above is an extract of the detailed format of financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and the Bank (www.icicibank.com).

**For and on behalf of the Board of Directors**
**N. S. Kannan**
**Executive Director**
**DIN-00066009**

**Place : Mumbai**
**Date : October 27, 2017**